# મુખ્યમંત્રી ત્રીજે દિવસે પણ બનાસકાંઠામાં

## લાખણી તાલુકાના કુડાના ગ્રામજનોની પરિસ્થિતિનો અંદાજો મેળવ્યો ગ્રામજનો સાથે સંવાદ : અન્ય વિસ્તારોમાં રેશનકાર્ડ ધરાવતા હોય અને શ્રમ-રોજી રોટી માટે અહીં વસેલા શ્રમિકોને પણ સરકારની જરૂરી સહાય-મદદ અપાશે

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અતિવૃષ્ટિ પ્રભાવિત બનાસકાંઠા જિલ્લામાં રાહત કાર્યો અંગેના માર્ગદર્શન માટેના તેમના પાંચ દિવસીય રોકાણના ત્રીજા દિવસે આજે લાખણી તાલુકાના કુડા ગામની પ્રત્યક્ષ મુલાકાત લઈ ગ્રામજનોની પરિસ્થિતિનો અંદાજો મેળવ્યો હતો.

વિજયભાઈ રૂપાણી અસરગ્રસ્ત ગ્રામજનો વચ્ચે આજે સવારે પહોંચ્યા હતા અને તેમની પાસેથી બચાવ રાહતકામો અને સહાયની વિગત મેળવી હતી. તેમણે ગ્રામજનો સાથે સંવેદનશીલ સંવાદ કરતા કહ્યું કે લોકોના સુખે સુખી અને લોકોના દુઃખે દુઃખી એ મારો સ્વભાવ રહ્યો છે.

મુખ્યમંત્રી-કોમનમેન તરીકે આવી કુદરતી ત્રાસદીની વેળાએ આપત્તિગ્રસ્તો વચ્ચે રહેવું, તેમને સધિયારો આપવો અને ત્વરાએ રાહત સહાય પહોંચાડવી એ મારી પવિત્ર ફરજ સમજુ છું. તેથી જ સમગ્ર વહીવટીતંત્રનું સ્થળ પર જ માર્ગદર્શન કરવા બનાસકાંઠામાં પાંચ દિવસ રોકાણ કર્યુ છે, તેમ તેમણે જણાવ્યું હતું.

વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે ગાંધીનગરમાં બેસીને જો રાહત સહાયના નિર્ણયો લઈએ તો સ્થળ પરની સાચી સ્થિતિનો ક્યાસ ન આવે તેથી અમે સમગ્ર વહીવટીતંત્રને અસરગ્રસ્ત વિસ્તારોમાં કેમ્પ કરીને સ્થળ પર જ યોગ્ય નિર્ણયો માટે દિશા-નિર્દેશો આપ્યાં છે.

મુખ્યમંત્રીએ આ વેળાએ એમ પણ જણાવ્યું કે જે શ્રમિકો અન્ય વિસ્તારોમાં રેશનકાર્ડ ધરાવે છે પરંતુ રોજી-રોટી અને કામ માટે અહીં આવીને વસ્યા છે અને આ કુદરતી આફતનો ભોગ બન્યા છે તેમને પણ રાજ્ય સરકાર દ્વારા જરૂરી મદદ સહાય અપાશે. લાખણી તાલુકાના રાહતકાર્યોનું મોનિટરિંગ કરી રહેલા રાજ્યમંત્રીશ્રી કેશાજી ચૌહાણ અને વહીવટીતંત્રના અધિકારીઓ, સચિવો મુખ્યમંત્રીશ્રી સાથે આ મુલાકાત દરમિયાન રહ્યા હતાં.







# અરવલ્લી જિલ્લામાં રાખડીના ભાવમાં ઉછાળો

ભિલોડા,તા.૧

ભાઈ-બહેનના પ્રેમને ઉજાગર કરતા રક્ષાબંધનના પાવન પર્વને પણ ધરખમ મોંઘવારી નડી રહી છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં રાખડીને જી.એસ.ટી.નું ગ્રહણ લાગતાં ભાવમાં ધરખમ વધારો થયો છે. ગત વર્ષે જે રાખડી રૂા.૫૦/-માં મળતી હતી તે આ વર્ષે રૂા.૮૦/-માં મળી રહી છે.બહેનાને ભાઈ કે કલાઈ પર પ્યાર બાંધા હૈ.. ભાઈ-બહેનના પ્રેમને ઉજાગર કરતા રક્ષાબંધન પર્વના આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે છતાં બજારોમાં સુસ્તીનો માહોલ જોવા મળી રહ્યો છે. બીજી તરફ જી.એસ.ટી.ના કારણે રાખડીના ભાવોમાં ધરખમ ઉછાળો આવતાં રક્ષાબંધનને મોઘવારી નડી છે. બીજી તરફ બજારમાં અવનવી રાખડીઓ આકર્ષણનું કેન્દ્ર બની છે. જેમાં મોદી અને યોગીની રાખડી બજારમાં ધુમ મચાવી રહી છે.

૭ ઓગસ્ટને સોમવારના રોજ રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવશે. બહેન પોતાના વ્હાલસોયા ભાઈને રાખડી બાંધી તેના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરશે તો ભાઈ બહેનની રક્ષા કરવાની જવાબાદારી સ્વીકારશે. જી.એસ.ટી.અમલમાં આવતા રાખડીના ભાવમાં ૫૦ ટકા ઉછાળો આવ્યો છે. ગત વર્ષે જે રાખડી રૂા.૫૦/-માં મળતી હતી તે આ વર્ષે રૂા.૮૦/-માં મળી રહી છે. આ અંગે અંકીતભાઈ ખરાડી સહિત વેપારીઓના જણાવ્યા મુજબ રક્ષાબંધનના આડે સપ્તાહનો સમય બાકી હોવા છતાં બજારમાં ઘરાકી જ અદશ્ય છે. પહેલાં બજારમાં જે પ્રકારની ઘરાકી જોવા મળતી હતી તે અત્યારે જોવા મળતી નથી. જો કે રાખડીના ભાવ બમણા થયા હોવા છતાં રક્ષાબંધનનો દિવસ જેમ નજીક આવશે તેમ ઘરાકી વધશે તેવી આશા રાખી છે.

બજારોમાં નરેન્દ્ર મોદી, યોગીના ફોટાવાળી રાખડીઓ અને રૂા.૨૦૦૦/-ની નોટવાળી રાખડીઓએ પણ સારૂ એવું આકર્ષણ જમાવ્યુંછે. બજારોમાં લોકો રાજસ્થાન રાખડી, સુખડ, રૂદ્રાક્ષની રાખડીઓની પણ ખુબ માંગ જોવા મળી રહી છે. બાળકો રાબેતા મુબજ ટોમ ઝેરી, છોટા ભીમ, બેનટેન જેવી કાર્ટુનવાળી રાખડીઓએ ભારે આકર્ષણ જમાવ્યું છે.



# હિંમતનગરના મોતીપુરા સર્કલ પાસેની હાઈવેની જાળી કાઢી નંખાતા અકસ્માતનો ભય

## હાઈવે ઓથોરીટીની બેદરકારીને કારણે વેપારીઓ અને વાહનચાલકોને મોકળુ મેદાન

હિંમતનગર, તા. ૧

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાંથી પસાર થતા ને.હા. ૮ પર સ્થાનિક વાહનચાલકો માટે બન્ને બાજુ સર્વિસ રોડ બનાવીને લોખંડની જાળી ફીટ કરવામાં આવી છે. પરંતુ આ વિસ્તારના કેટલાક વાહનચાલકો તેનો શોટકટ તરીકે ઉપયોગ કરી રહ્યા છે. જેના કારણે અકસ્માતનો ભય વધી ગયો છે.

આ અંગેની વિગત એવી છે કે મોતીપુરા વિસ્તારમાંથી પસાર થતા ને.હા. ૮ પર રાત્રે અને દિવસે વાહનોની સતત અવરજવર રહેતી હોવાને કારણે ટ્રાફીક વધુ રહે છે. એટલુ જ નહિ પણ રોડની બન્ને તરફના સર્વિસ રોડ પણ ભરચક રહે છે. દરમિયાન હિંમતનગરથી અમદાવાદ જતા હાઈવે રોડની ડાબી બાજુ મુખ્ય રોડ અને સર્વિસ રોડ વચ્ચે લગાવેલ લોખંડની જાળીનો કેટલોક ભાગ કાઢી નાકવામાં આવ્યો છે. જેના કારણે સર્વિસ રોડની બાજુમાં આવેલ પેટ્રોલપંપ પર ગેસ તથા ડીઝલ અને પેટ્રોલ પુરાવવા માટે જતા મોટાભાગના વાહનચાલકો આ શોટકટનો ઉપયોગ કરવા માંડ્યા છે.





ધંધાદારીઓએ પોતાના સ્વાર્થ ખાતર અને ટ્રાફીકના નિયમોની પરવા ન કરતા વાહનચાલકોએ મુખ્ય રોડ અને સર્વિસ રોડ વચ્ચે હાઈવે ઓથોરીટીએ લગાવેલ લોખંડની જાળીનો કેટલોક ભાગ કાઢી નાખતા જેના કારણે મુખ્ય રસ્તા પરથી પસાર થતા ભારે વાહનના ચાલકો મુશ્કેલીમાં મુકાઈ જાય છે. જેથી હાઈવે ઓથોરીટીએ સત્વરે આ લોખંડની જાળીઓ ફીટ કરવી જોઈએ. જો તેમ નહી થાય તો ગમે ત્યારે અકસ્માતમાં કોઈક જાન ગુમાવશે.

### સર્વિસ રોડ પર વાહનોનો ખડકલો

મોતીપુરા વિસ્તારમાંથી પસાર થતા ને.હા. ૮ની બન્ને તરફ જે સર્વિસ રોડ આવેલા છે ત્યાં પણ દિવસ દરમ્યાન અનેક વાહનચાલકો પોતાના વાહનો પાર્ક કરીને જતા રહે છે. જેના કારણે અન્ય વાહનચાલકોને પસાર થવામાં ખુબજ મુશ્કેલી પડે છે. જેથી હાઈવે ઓથોરીટીએ આ સર્વિસ રોડ પર પાર્ક કરતા વાહનચાલકોને પાઠ ભણાવવો જરૂરી છે.

# હિંમતનગર રોટરી ક્લબ, લઘુઉદ્યોગ ભારતી સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ યોજાયો

ભિલોડા,તા.૧

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર જી.આઈ.ડી.સી., મોતીપુરા વિસ્તારમાં હિંમતનગર રોટરી ક્લબ, લઘુઉદ્યોગ ભારતી સંયુક્ત ઉપક્રમે વાવે ગુજરાત અંતર્ગત ધનિષ્ટ વનીકરણ કાર્યક્રમ અન્વયે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે રાજેન્દ્રસિંહ ચાવડા હિંમતનગર ધારાસભ્ય, જી. એ. બ્રહ્મભટ્ટ નાયબ વન સંરક્ષક, ડૉ.અભિષેક કુમાર, નીલાબેન પટેલ પ્રમુખ નગર પાલિકા હિંમતનગર, હિંમતનગર રોટરી ક્લબ પ્રમુખ પ્રશાંત કે.વ્યાસ, પ્રોજેક્ટ ચેરમેન પ્રફુલ્લભાઈ વ્યાસ, પ્રમુખ જી.આઈ.ડી.સી. હિંમતનગર શ્યામભાઈ સલુજા, લઘુઉદ્યોગ ભારતી સાબરકાંઠા પ્રમુખ અતુલભાઈ એ.શાહ સહિત અગ્રણી આગેવાનો, સામાજીક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજમાં શ્રી દશામાના મંદિરે સમૂહ આરતી યોજાઈ

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજમાં આવેલ માં દશામાં ના મંદિર ખાતે સમૂહ આરતી યોજાઈ હતી. જેમાં માઈ ભકતોએ માની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી.

પ્રાંતિજ સહિત તાલુકામાં શ્રી દશામાંના વ્રત મહિલાઓ દ્વારા કરવામાં આવી રહ્યાં છે. ત્યારે પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી દશામાંના મંદિર ખાતે મંદિર વ્યવસ્થાપકો દ્વારા અષ્ટમી આઠના દિવસે રાત્રીના સમયે સમૂહ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું અને પ્રાંતિજ સહિત આજુબાજુના ધર્મપ્રેમી લોકો સહિત દશામાંનું વ્રત કરતી મહિલાઓ સહિત માઈભકતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને માં ના દર્શન કરી મા ની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી તો મંદિરના ચોકમાં મહિલાઓ દ્વારા ગરબાની રમઝટ પણ બોલાવવામાં આવી હતી જયારે દર વર્ષની જેમ આ વર્ષે પણ મંદિરના પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ તથા મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા મંદિર ખાતે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.





# બાયડથી અમીરગઢ બસ બંધ કરવાનો તઘલખી નિર્ણય સામે વ્યાપક રોષ

બાયડ, તા. ૧

પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા આઠ માસથી બાયડથી અમીરગઢ બસ ચાલતી હતી પરંતુ બે દિવસથી હિંમતનગર એસટી વિભાગ દ્વારા એકાએક આ બસ બંધ કરવાથી મુસાફોરને રઝળવાનો વારો આવેલ છે.

હાલમાં બનાસકાંઠા પૂર પીડિતોની મદદ માટે સી.એમ. રૂપાણી જ્યારે બનાસકાંઠામાં રોકાયા છે અને પૂરી સરકાર બનાસકાંઠાની વ્હારે છે ત્યારે હિંમતનગર એસટી ડીવીઝનના અધિકારી દ્વારા આ બસ એકાએક બંધ કરતા રાત્રી દરમ્યાન અરવલ્લી જિલ્લો તથા સાબરકાંઠાના પેસેન્જરોને રઝળી પડવાનો વારો આવેલ છે. આ અધિકારી જો કે ટેલીફોનીક વાતચીતમાં જણાવેલ કે પેસેન્જર મળતા નથી એટલે બસ પાલનપુર સુધી લોકલ ચલાવીએ છીએ. જ્યારે રાત્રે ૯ વાગે પાલનપુર બસ પહોંચે પછી અમીરગઢ જવા માટે કોલજ બસ નથી તો આવા રાત્રીના સમયે મુસાફરો રઝળી પડે છે. આ બસને બે કલાક વહેલી કરી અમીરગઢ સુધી લોકલ લંબાવવામાં આવે તો મુસાફરોને રઝળવાનો વારો ના આવે. અત્યારે સરકાર પૂર પીડિતોની વ્હારે છે અને વધારાની બસો એક્સ્ટ્રા દોડાવે છે. ત્યારે માત્ર એક જ બસ ચાલતી હોવા છતાં આવા તઘલખી નિર્ણયથી પ્રજામાં પારાવાર અસંતોષ જોવા મળેલ છે. તો હિંમતનગર ડીવીઝન માત્ર એક જ બસ ચાલતી આ બસને અમીરગઢ સુધી લંબાવી ચાલુ રાખવામાં આવે તો રાત્રી દરમ્યાન અને પૂરગ્રસ્ત વિસ્તારમાં લોકોને રઝળવાનો વારો ના આવે. સત્વરે આ બસ પુનઃ ચાલુ કરવાની લોકોની ઉગ્ર માંગ છે.



ખેડબ્રહ્મામાંથી ગોપીમંડળ સહિતની અન્ય બહેનો તથા યુવકો દ્વારા બનાસકાંઠા જિલ્લામાં થયેલ વરસાદથી નુકસાન અને લોકો બેઘર બન્યા છે. એવા અસરગ્રસ્તો માટે ગામ વિસ્તારમાં આવેલ રાધા-કૃષ્ણ મંદિરમાં ૧૫૦૦ જેટલા ફૂડ પેકેટ જેમાં થેપલા, પૂરી, બિસ્કીટ તૈયાર કરી રવાના કરવામાં આવ્યા હતા.



### ભિલોડા તાલુકા ક્ષત્રિય ઠાકોર સેના ધ્વારા બનાસકાંઠા પુર અસરગ્રસ્તો માટે ફુડ પેકેટો વિતરણ કરાયા

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા ક્ષત્રિય ઠાકોર સેના અને નવા ભવનાથ ગામના નવયુવાનો ધ્વારા બનાસકાંઠા જીલ્લામાં પુર અસરગ્રસ્ત પીડીતો માટે ફુડ પેકેટો વિતરણ કરાયા હતા. ભિલોડા તાલુકા ક્ષત્રિય ઠાકોર સેના પ્રમુખ મગનભાઈ ઠાકોર, નવા ભવનાથ ગામના ઠાકોર સમાજ સામાજીક કાર્યકર રવિન્દ્રભાઈ ઠાકોર, ભરતભાઈ ઠાકોર, નિલેશભાઈ ઠાકોર, કાંતીભાઈ ઠાકોર, રાજુભાઈ ઠાકોર સહિત સામાજીક કાર્યકરો ધ્વારા ફુડ પેકેટોનું વિતરણ કરાયું હતું. બનાસકાંઠા જીલ્લામાં મેઘરાજાએ કેર વર્તાવતાં પુર અસરગ્રસ્ત પીડીતોને ફુડ પેકેટોનું વિતરણ કરાયું હતું.

# ભિલોડા પાસેના વાંકાનેર છાપરા ગામે ૭ શકુની જુગાર રમતા ઝડપાયા

ભિલોડા,તા.૧

ભિલોડા પાસેના વાંકાનેર છાપરા ગામે ૭ શકુનીઓ જુગાર રમતા ઝડપાયા જ્યારે બે ઈસમો ફરાર થઈ ગયા હતા. બે ફોર વ્હીલ તેમજ રોકડ મળી કુલ રૂા.૩,૫૧,૨૪૦/-નો મુદ્દામાલ પોલીસએ ઝપ્ત કર્યો.ભિલોડા પી.એસ.આઈ. એમ.આર.સંગાડા તેમજ પોલીસ સ્ટાફ સાથે બાતમીના આધારે ભિલોડા તાલુકાના વાંકાનેર છાપરા ગામે ઘર આગળ કંતાન બાંધી જુગાર રમતા ૯ જેટલા શકુની જુગાર તીન પત્તી ખેલી રહ્યા હતા. પોલીસ રેડ દરમ્યાન ૭ આરોપી ઝડપાયા બાકીના બે આરોપી ભાગી ગયાનું ભિલોડા પી.એસ.ઓ. સુરેશભાઈ થાવરાજીએ જણાવ્યું હતું કે જુગાર રમતા શકુનીઓમાં (૧) ઈરફાનભાઈ મકબુલભાઈ શેખ, રહે.પાણપુર, હિંમતનગર (૨) વિનોદસિંહ લલીતસિંહ ઝાલા, રહે.દેરોલ, હિંમતનગર (૩) ફકીરમહંમદ જાનમહંમદ મેમણ, રહે.જહેરાબાદ (૪) દક્ષાબેન મોહનભાઈ ભરવાડ, રહે.નરોડા, અમદાવાદ (૫) વર્ષાબેન મોહનભાઈ ભરવાડ, રહે.નરોડા, અમદાવાદ (૬) ઈન્દીરાબેન ગીરીશભાઈ ઠક્કર, રહે.અમદાવાદ (૭) દોલતજહાં મહંમદહનીફ મહેરાબ, રહે.અમદાવાદ (૮) ચેતનભાઈ સોમાભાઈ, રહે.ભિલોડા (૯) બચુભાઈ વીરજીભાઈ બળેવા, રહે. વાંકાનેર છાપરાં આ તમામ શકુની તા.૨૮/૭/૨૦૧૭ ના રોજ રાત્રીના ૯:૩૦ વાગ્યાના સુમારે જુગાર રમતાં પોલીસ રેડ દરમ્યાન ૭ ઈસમો પોલીસએ ઝડપી પાડ્યા હતા. ચેતનભાઈ સોમાભાઈ, રહે.ભિલોડા, બચુભાઈ વીરજીભાઈ બળેવા ભાગી ગયા હતા. પોલીસ રેડ દરમ્યાન આ ઈસમો પાસેથી રૂા.૨૯,૬૪૦/- રોકડા તેમજ પેન્ટના ખીસામાંથી રૂા.૧૮,૬૦૦/-તેમજ બે ફોર વ્હિલર વાહન નંબર. જી.જે.૦૯. બી.બી. ૦૪૫૦ તેમજ જી.જે.૯. બી.એ. ૬૩૩૫ જે બંન્ને ફોર વ્હિલરની કિંમત રૂા.૩,૦૦,૦૦૦/-જે કુલ મળી રૂા.૩,૫૧,૨૪૦/-નો મુદ્દામાલ કબજે કરેલ છે. આ બાબતે ભિલોડા પોલીસએ ધારાધોરણની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઈડર તાલુકા સમસ્ત ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજના હોદ્દેદારોની નિમણુંક

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકા સમસ્ત ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજના હોદ્દેદારોની નિમણુંક કરાતાં આનંદની લાગણી પ્રસરી છે. ઈડર તાલુકા સમસ્ત ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ કારોબારીની મીટીંગ તાજેતરમાં ઈડર ખાતે મળી હતી. આગામી ૨ વર્ષ માટે નવિન હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી હતી.ઈડર તાલુકા સમસ્ત ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ પ્રમુખ રજનીભાઈ પી.જોષી, મંત્રી રાજુભાઈ જોષી, ઉપપ્રમુખ આશીષભાઈ જોષી, સહમંત્રી ચેતનભાઈ જોષી, સચીનભાઈ જોષી, સંગઠન મંત્રી હર્ષલભાઈ ગોર, ખજાનચી નવિનચંદ્ર જોષી, સલાહકાર સમિતી બિપીનભાઈ ઉપાધ્યાય, જયંતીભાઈ જોષી, ભરતભાઈ પંડીતની નિમણુંક કરવામાં આવી હતી. નવિન કારોબારી, સંકલન સમિતી સભ્યો ભુપેન્દ્રભાઈ પંડ્યા, હસમુખભાઈ પંડ્યા, હિતેન્દ્રભાઈ જોષી, હિતેશભાઈ જોષી, કલ્પેશભાઈ જોષી, કિર્તીભાઈ જોષી સહિત સમસ્ત ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઈડર તાલુકા સમસ્ત ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજના વિવિધ હોદ્દેદારોની સર્વાનુમતે નિમણુંક કરાતાં આનંદની લાગણી પ્રસરી છે.

# પ્રાંતિજ પાસે હાઈવે પર અચાનક કુદી આવતા ગાયનું મોત

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તા પાસે અચાનક રોડ ઉપર ગાય દોડી આવતાં ટ્રક સાથે ટકરાતાં ગાયનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું. નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના ત્રણ રસ્તા ઉપર હિંમતનગર બાજુથી આવતી ફુલફાસ્ટ ટ્રક સાથે અચાનક ગાય કુદી પડતાં અકસ્માત સર્જાયો હતો જયારે ટ્રક ચાલકે જોરદાર બ્રેક મારી હતી પણ ગાય સીધી ટ્રક ઉપર જઈ પડતાં અકસ્માત થતાં ગાયનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. જયારે જીવદયા પ્રેમીઓ તથા આજુબાજુમાંથી લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતાં. જયારે રોડની વચ્ચે અકસ્માત થતાં રાત્રીના સમયે અન્ય કોઈ વાહનચાલક મૃતક ગાય સાથે ના અથડાય તે માટે દોડી આવેલ લોકોમાંથી કેટલાક જીવદયાપ્રેમીઓ દ્વારા મૃતક ગાયને નેશનલ હાઈવે આઠ રોડ ઉપરથી ગાયને રોડની સાઈડમાં કરવામાં આવી હતી.